# ઇશ્વરની સર્વવ્યાપકતા ભાવનાત્મક કે સૌધ્ધાંતિક ?

બ્રહ્માકુમાર પ્રફુલ્લચંદ્ર શાહ - મોબા. 09825892710

એક પ્રેમિકા પોતાના પ્રિયતમની યાદમાં જ્યારે મગ્ન થઈ જાય છે ત્યારે તેનો પ્રિયતમ ત્યાં હાજર ન હોવા છતાં, તેના સાનિધ્યનો તેની સાથેના પ્રેમ સંપન્ન આદાન-પ્રદાનનો તે સહજ અનુભવ કરે છે. આ અનુભૂતિ તે ભાવનાત્મક સ્તરથી પોતાના માનસ પટલ પર કરે છે. તેજ રીતે એક ઉચ્ચ કોટિનો ભાવુક ભક્ત જયારે પોતના ઈષ્ટની યાદમાં તન્મય થઈ જાય છે ત્યારે તેની નજર જ્યાં જયાં જાય છે, ત્યાં ત્યાં તેને પોતાના ઈષ્ટના દર્શન થાય છે. મીરાબાઈ એટલી હદે કૃષ્ણમય હતા કે તે પોતાના માનસ પતિ તરીકે સ્વીકારેલ શ્રીકૃષ્ણની સર્વત્ર અનુભૂતિ કરી શકતા હતા. શ્રીકૃષ્ણના મુખડાની માયા એવી લાગી હતી કે તે તેના મુખડાના દર્શન કરી ઉપરામ રહેતા હતા. ધર્મગ્રંથ ભાગવતમાં અતિન્દ્રિય સુખમાં રમણ કરતી ગોપીઓનું વર્ણન પણ આવું જ છે. દરેક ગોપી એટલી શ્રી કૃષ્ણમય હતી કે દરેકને પોત પોતાના સ્થાને એવો અહેસાસ થતો કે શ્રીકૃષ્ણ વ્યક્તિગત રૂપે ફકત મારી સાથે જ છે. ગોપીઓ પોતાની શુદ્ધબુદ્ધ પણ ભુલી જતી હતી. મહારાસ આવી જ અનુભૂતિઓનું એક દૃષ્ટાંત છે.

અનેક ભક્તોની, સાધકોની અને તપસ્વીઓની આવી ભાવનાત્મક અનુભૂતિઓને કારણે આપણે પરમાત્માને સર્વવ્યાપક હોય તેમ માનવા લાગ્યા અને કહી દીધું કે પરમાત્મા સર્વવ્યાપક છે, કણ કણમાં છે. કણ કણમાં ભગવાન નામની એક ફિલ્મ પણ બનાવી દીધી. પરંતુ જો આપણે ભાવનાત્મકતા થી થોડા ઉપર ઉઠીને સ્વયં ભગવાને આપેલા ગીતા જ્ઞાનના આધારે તેમજ સૈધ્ધાંતિક દૃષ્ટિએ વિચારીશું તો ખ્યાલ આવશે કે આ વાત સત્યથી કેટલી વેગળી છે. આવો, આ અંગે કેટલાંક મહત્વના મુદ્દાઓ ઉપર નજર દોડાવીએ.




પરમાત્મા પરમધામ નિવાસી છે

- આ સમગ્ર જડસૃષ્ટિ તેમજ જીવસૃષ્ટિ પરમાત્માની રચના છે અને સ્વયં પરમાત્મા તેના રચયિતા છે, એવું આપણે સ્પષ્ટ પણે માનીએ છીએ. જો પરમાત્મા સર્વવ્યાપી હોય અર્થાત કણ કણમાં વ્યાપ્ત હોય તો સમગ્ર સૃષ્ટિ તેમજ પરમાત્મા બંને એક જ છે એવું પ્રતિપાદિત થાય અને ત્યાં રચના અને રચયિતાનો ભેદ સમાપ્ત થઈ જાય છે. પરંતુ ગીતામાં પોતાનો સ્પષ્ટ પરિચય આપતા પરમાત્મા કહે છે કે મારૂં પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ છે, હું જગતનો નિયંતા છું, સમગ્ર સૃષ્ટિ અને પ્રકૃતિ મારી રચના છે અને તે મારે આધીન છે. મારૂ પોતાનું આગવું નામ, રૂપ, ગુણ, કર્તવ્ય અને ધામ છે. વિશ્વના બધાં જ મહાન ધર્મ સ્થાપકોએ પણ પ્રકૃતિથી અલગ પરમાત્માના સ્વતંત્ર અસ્તિત્વનો સ્વીકાર કર્યો છે.
- શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન પોતાના નિવાસ સ્થાનનું વર્ણન કરતાં કહે છે કે હું આ ભૌતિક દુનિયાથી ઉપર આવેલા પરમધામનો નિવાસી છું કે જેને સૂર્ય કે ચંદ્રનો પ્રકાશ પણ પ્રકાશિત કરી શકતો નથી અને અતિ ધર્મની ગ્લાનિના સમયે હું મારા પરમધામને છોડી આ ભૌતિક સાકારી

દુનિયામાં આવું છું અને દુષ્ટોનો વિનાશ કરી, સત્ ધર્મની સ્થાપના કરૂં છું. આ સંદર્ભે પરમાત્માને સર્વવ્યાપી માનવું કેટલું યોગ્ય છે.

- પરમાત્માને આપણે આપણા પરમપિતા, પરમશિક્ષક તેમજ પરમ સદ્ ગુરૂ માનીએ છીએ, તો કોઈ પિતા પોતાના પુત્રમાં કે કોઈ શિક્ષક પોતાના વિદ્યાર્થીમાં કે કોઈ ગુરૂ પોતાના શિષ્યમાં શું વ્યાપ્ત હોઈ શકે ? સર્વવ્યાપી માન્યતાથી બે વચ્ચેનો ભેદ સમાપ્ત થઈ જાય છે.
- પરમાત્માની સર્વવ્યાપકતાનો એક અર્થ એવો પણ થાય કે મારામાં પણ પરમાત્મા છે અર્થાત્ હું સ્વયં પરમાત્મા છું. જો આમ જ હોય તો મારે દર દર ભટકી એવું કહેવાની જરૂરત પડે ખરી કે હે પ્રભુ દર્શન આપો, હે પ્રભુ કૃપા કરો, અને તે પણ ઉપર હાથ કરીને ? એક બાજુ આપણે મંદિરમાં શિવલિંગની સ્થાપના કરી, તેની પરમપિતાના રૂપમાં પુજા કરીએ છીએ અને બીજી તરફ સ્વયંને શિવ ભગવાન સમજી "શિવોહમ્"ની રટ લગાવીએ છીએ. શું આ વિરોધાભાસી નથી ?
- પરમાત્માને આપણે સર્વગુણોના સાગર, સર્વશક્તિઓના સાગર, દયા તેમજ કરૂણાના સાગર કહીએ છીએ. દરેક વસ્તુ કે વ્યક્તિ જ્યાં ઉપસ્થિત હોય ત્યાં તેના ગુણો પ્રત્યક્ષ થયા વગર રહે નહીં અર્થાત્ જયાં ગુણી છે ત્યાં ગુણ છે. દા.ત. ગરમ તપાવેલું લોખંડ તેના ગરમીના ગુણને પ્રત્યક્ષ કર્યા વગર રહી શકે નહીં, તેથી જો પરમાત્મા સર્વવ્યાપી હોય તો સર્વગુણો તેમજ શક્તિઓ દરેક સ્થાને પ્રત્યક્ષ થવા જોઈએ. પરંતુ આજે તો દુનિયાની એવી પરિસ્થિતિ છે કે પરમાત્માના ગુણ કે શક્તિનો અંશ શોધવો પણ મુશ્કેલ છે. જો કોઈ વ્યક્તિ બીજી વ્યક્તિનું ખુન કરે કે એક પુરુષ સ્ત્રી પર બળાત્કાર કરે તો શું એવું માનવું કે એક પરમાત્મા બીજા પરમાત્માનું ખુન કરે છે કે બળાત્કાર કરે છે ?
- વિશ્વબંધુત્વની ભાવનાનો સ્વીકાર સર્વ ધર્મોએ કરેલો છે આપણે સ્પષ્ટપણે માનીએ છીએ કે, આપણે સૌ મનુષ્ય આત્માઓ એક જ પારલૌકિક પરમપિતા પરમાત્માની સંતાનો છીએ અને આપસમાં વાસ્તવિક રીતે ભાઈ-ભાઈ છીએ. અર્થાત્ સર્વ જીવાત્માઓ અને પરમાત્મા અલગ છે પરંતુ તેમની વચ્ચે પિતા-પુત્રનો સંબંધ અવશ્ય છે. પરમાત્મા સર્વવ્યાપી હોય અર્થાત્ આત્મા પરમાત્મા એક જ હોય તો આપણે વિશ્વબંધુત્વની નહીં પરંતુ વિશ્વપિતૃત્વની વાતો કરવી જોઈએ.

ઉપરોકત મુદ્દાઓથી એ સ્પષ્ટ થાય છે કે, સૈધ્ધાંતિક રીતે પરમાત્માને સર્વવ્યાપક માનવા યોગ્ય નથી. જગતપિતા, જગત નિયંતા, જગત નિયામક હોવાના નાતે પરમાત્માની સત્તા, પરમાત્માની આણ સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપેલી છે એવું કહી શકાય કે એવું અનુભવી પણ શકાય. ઈશ્વર પ્રત્યેની અસીમ શ્રધ્ધા, નિર્મળ- નિસ્વાર્થ પ્રેમ અને તેમના પ્રત્યેનો સમર્પણ ભાવ આપણને તેમની સર્વત્ર હયાતીનો અનુભવ ભાવનાત્મક સ્તરે જરૂર કરાવી શકે છે એટલે ઈશ્વરની સર્વવ્યાપકતા ભાવનાત્મક રીતે યોગ્ય છે, પરંતુ સૈધ્ધાંતિક રીતે નહીં. આ લેખથી કોઈની પણ આસ્થા કે શ્રધ્ધાને ઠેસ પહોંચાડવાનો લેશ માત્ર આશય નથી.

-- ઓમ શાંતિ --